# અનુક્રમણિકા

(૧) ગાંધીજીની અમૃતવાણી
(૨) સ્વરાજ
(૩) સુરાજ્ય, કુરાજ્ય, અરાજ્ય, સ્વરાજ્ય
(૪) ગાંધી વાણી
(૫) હથિયારો વિષે ગાંધીજી
(૬) સ્વદેશી અપનાઓ
(૬) ગાંધીજીની અમૃતવાણી
(૬) કસ્તૂરબાને પત્ર
(૬) આત્મરક્ષણ અંગે ગાંધીજીના વિચારો

# ગાંધીજીની અમૃતવાણી

૧. સ્વરાજ એટલે સરકારના અંકુશમાંથી મુકત થવાનો સતત પ્રયાસ પછી ભલે તે સરકાર પરદેશી હોય, કે દેશની.

૨. કેટલાક લોકો અધિકારની લગામ મેળવી લે તેથી નહીં, પણ બધા લોકો એ અધિકારના દુરુપયોગની સામે શકિત સમાનપણે મેળ વ્યાથી જ ખરું સ્વરાજ મળવાનું છે.

૩. સ્વતંત્રતાનો અર્થ હિન્દુસ્તાનના લોકોની સ્વતંત્રતા હોય, તેમના પર આજે જેમનો અમલ ચાલે છે, તેમની સ્વતંત્રત ન હોય.

૪. કાયદા આપણને પસંદ ન હોવા છતાં તે પ્રમાણે ચાલવું એવું શિક્ષણ મર્દાઈથી વિરૂધ્ધ છે, ધર્મ વિરૂધ્ધ છે ને ગુલામીની હદ છે.

૫. જો લોકો એકવાર શીખી લે કે આપણને અન્યાયી લાગે તે કાયદાને માન આપવું એ નામર્દાઈ છે, તો પછી આપણને કોઈનો જુલમ બંધન કરી શકતો નથી. તે સ્વરાજની ચાવી છે.

૬. સ્વરાજનો મારો ખ્યાલ એવો છે કે દરેક ગામ એક સંપૂર્ણ પ્રજાસતાક હોવું જોઈએ, એક હાથમાં કે ઘણા થોડા હાથમાં અધિકાર છે વ્યવસ્થાનાં સૂત્રો રહે એ વસ્તુનો સમાજની અહિંસક રચના સાથે મેળ ખાય એમ નથી.

૭. મને બીક છે કે ઉધોગવાદ માનવજાતિને શાપરૂપ નીવડવાનો છે. ઈશ્વર હિન્દુસ્તાનને યંત્રયુગથી અને સંસારને યંત્રમય હિન્દુસ્તાનથી બચાવો.

૮. કોઈપણ દેશને કોઈપણ પ્રસંગે ઔધોગીકરણ કરવાની જરૂર હોય એમ હું માનતો નથી. લક્ષ્મીની પૂજાએ આપણા પર લાદેલી અતિશય વેગીલી યંત્રશકિત ઉપર રચાયેલા એવા જટિલ ભૌતિક જીવન સાથે ઉચ્ચ વિચારસરણીનો મેળ નથી.

૯. મારો ઝગડો યંત્રોની ઘેલછા સામે છે યંત્રો સામે નથી. આજે યંત્રોના પરિણામે લાખોની પીઠ પર ખોબા જેટલા લોક સવાર થઈને બેઠા છે ને તેમને રગડે છે.

૧૦. હિન્દુસ્તાનના શહેરોમાં જે સંપતિ જોવામાં આવે છે તેથી આપણે છેતરાઈએ નહીં. તે ઈંગ્લાંડ કે અમેરિકાથી આવતી નથી તે અત્યંત ગરીબ લોકોના લોહીમાંથી આવે છે.

૧૧. હિન્દુસ્તાનનાં ઉધોગોને શહેરમાં લઈ આવવા, ને મોટા કારખાનાં મારફત ચલાવવા એમાં ગામડાનું અને ગામડાની પ્રજાનું ધીમું પણ અચુક મોત રહેલું છે.

૧૨. શહેરોએ ગામડાંઓને ચૂસ્યા છે. ગામડાંના લોહીની સિમેન્ટ વડે જ શહેરોની મોટી મોટી મહોલાતો બંધાઈ છે. મોટા મોટા શહેરો ઉભાં થવાં એ રોગની નિશાની છે.

૧૩. હિંદને માટે (ઉધોગવાદ રૂપી) સુવર્ણમૃગ પાછળ દોડવું એ અચુક મોત વહોરવા બરોબર છે. એ આખો ઔધોગિક સુધારો એક ભારે રોગ છે, કારણ એ  અનિષ્ટમય છે.

૧૪. ગામડીયાઓ અનાજ પકવે છે ને જાતે ભૂખ્યા રહે છે, તેઓ ઢોરની સાથે ઢોર જેવા થઈ દૂધ મેળવે છે, જેમાનું ટીપું તેમના છોકરા જોવા પામતા નથી. આ નામોશીનો કંઈ પાર નથી.

૧૫. આપણાં આજના શહેરો તો આપણા પ્રજાશરીર પર બાઝેલો મેલનો પોપડો છે અને આપણા ગામડાનો જીવનરસ ચુસવાનું પાપકાર્ય જ કરી રહ્યાં છે.

૧૬. અત્યારે તો અનેક લોહી ઉકળનારા જુલમોથી સસડતા શહેરો ગામડાની પ્રજાના જીવન અને સ્વાતંત્ર્ય માટે રાતદિવસ ભયરૂપ છે.

૧૭. જગતમાં જે ઉત્પાતો થઈ રહ્યા છે તેનું કારણ મોટા પ્રમાણમાં માલ બનાવવાની ઘેલછા જ છે... જો માલ જે જગ્યાએ જોઈએ ત્યાંજ પેદા થાય ને ત્યાંજ વહેંચાય તો દગાને માટે ઓછો અવકાશ રહે અને સટ્ટો તો કોઈ કરી જ ન શકે.

૧૮. જેમ જેમ માણસ પોતાની જરૂરિયાતો વધારતો જાય છે. તેમ તેનું અધઃપતન થતું જાય છે. અને તેના બોજાથી તે ભાંગી પડે છે.

# સ્વરાજ

૧. સ્વરાજ એટલે સરકારના અંકુશમાંથી મુકત થવાનો સતત પ્રયાસ પછી ભલે તે સરકાર પરદેશી હોય, કે દેશની.

પરંતુ આપણી પાર્લામેન્ટ તથા ધારાસભાઓ વરસોવરસ સમાજવાદના બહાના નીચે પ્રજા ઉપરના અંકુશો વધારનારા તથા અધિકારીઓને આપખુદ સતા આપનારા સેંકડો કાયદાઓ છેલ્લા ૪૨ વરસથી કર્યે જ જાય છે અને તેથી ગુલામી એટલી બધી વધી છે કે સામાન્ય માણસના જીવનની દરેક નજીવી બાબતમાં પણ સરકાર તેના અંકુશો વડે દખલગીરી કે કનડગત કરી શકે છે. સ્વરાજ સેંકડો માઈ દૂર હતુ તે હવે લાખો માઈલ દૂર ગયુ છે.

૨. કેટલાક લોકો અધિકારની લગામ મેળવી લે તેથી નહી, પણ બધા લોકો એ અધિકારના દુરુપયોગની સામે થવાની શકિત સમાનપણે મેળવ્યાથી જ ખરુ સ્વારાજ મળવાનું છે.

પરંતુ છેલ્લા ૪૨ વરસથી અમલદારશાહીની સ્વતંત્રતાને જ ખરી સ્વતંત્રતા ગણવામાં આવી છે અને પ્રજાને ભયાનક ગુલામીના અંકુશોમાં જકડી લેવામાં આવી છે. "અમલદાર કદી ખોટુ કરેજ નહિ" તથા "દરેક પ્રજાજન ચોર છે" એમ માનીને બતાવેલા સેંકડો કાયદાઓએ હિન્દુસ્તાનનું સત્યાનાશ કાઢી નાખ્યુ છે.

૩. સ્વતંત્રતાનો અર્થ હિન્દુસ્તાનના લોકોની સ્વતંત્રતા હોય, તેમના પર આજે જેમનો અમલ ચાલે છે, તેમની સ્વતંત્રતા ન હોય.

જો દરેક ગામને સંપુર્ણ પ્રજાસતાક બનાવવુ હોય તો ધારાસભા તથા લોકસભાની તમામ સતા ગ્રામસભાને સોંપવી પડે જ, પરંતુ છેલ્લા પંચાયતને સરકારી કનડગત અને શોષણના સાધન તરીકે જ સ્થાપ્વામાં આવી છે. પરિણામે ગ્રામ્ય પ્રજાને પોતાની પંચાયતથી પણ ડરવુ પડે એવી ભયાનક દશા આવી છે.

૪. કાયદા આપણને પસંદ ન હોવા છતાં તે પ્રમાણે ચાલવુ એવુ શિક્ષણ મર્દાઈથી વિરુધ્ધ છે, ધર્મ વિરુધ્ધ છે ને ગુલામીની હદ છે.

પૂજય ગાંધીજીની આ બીક ચાલીસ વરસમાં જ સાચી પડી છે. ઉદ્યોગવાદ ભારતને ભારે પડી ગયો છે. ૩૫ કરોડ માણસોને સાંજે ખાધા વગર ભુખયા સુવુ પડે છે એનાથી મોટા શાપ હો ના શકે.

૫. જો લોકો એકવાર શીખી લે કે આપણને અન્યાયી લાગે તે કાયદાને માન આપવુ એ નામર્દાય છે, તો પછી આપણને કોઈનો જુલમ બંધન કરી શકતો નથી. તે સ્વરાજની ચાવી છે.

તેલ, ખાંડ, ચોખા, કાપડ, બુંટ, ચંપલ જેવી તમામ પાયાની જરૂરિયાતોનો તમામ ઉદ્યોગો શહેરમાં મોટા કારખાના મારફત જ પેદા કરીને સ્વરાજની સરકારે ગામડાની પ્રજાનું મોત કરી જ નાખ્યુ છે. અત્યારે ગામડામાં વસતા ૬૦ કરોડ લોકો સ્વરાજના નાગરિકો નથી પરંતુ ગુલામીમાં સબડતા જીવતા હાડવીજનો માત્ર રહી ગયા છે.

૬. સ્વરાજને મારો ખ્યાલ એવો છે કે દરેક ગામ એક સંપૂર્ણ પ્રજાસતાક હોવુ જોઈએ, એક હાથમાં કે ઘણા થોડા હાથમાં અધિકા કે વ્યવસ્થાના સૂત્રો રહે એ વસ્તુનો સમાજની અહિંસક રચના સાથે મેળ ખાય એમ નથી.

તાર, ટેલીફોન, ટીવી, કોમ્પ્યુટર જેવા સેંકડો સુવર્ણમૃગ પાછળ પડીને ગામડામાં જ પેદા થતા છાશ, દુધ, દહી, શાકભાજી પણ ઝુંટવી લઈને ગામડાની પ્રજાને કયારની મોતને ઘાટ ઉતારી દીધી છે.

૭. મને બીક છે કે ઉદ્યોગવાદ માનવજાતિને શાપરૂપ નીવડવાનો છે. ઈશ્વર હિન્દુસ્તાનને યંત્રયુગથી અને સંસારને યંત્રમય હિન્દુસ્તાનથી બચાવો.

હવે તો ખાલી રગડવાથી પુરુ થતુ નથી તેનું ગળુ પણ દબાવે છે.

૮. કોઈપણ દેશને કોઈપણ પ્રસંગે ઔદ્યોગકરણ કરવાની જરૂર હોય એમ હું માનતો નથી. લક્ષ્મીની પુજાએ આપણા પર લાદેલી અતિશય વેગીલી યંત્રશકિત ઉપર રચાયેલા એવા જટિલ ભૌતિક જીવન સાથે ઉચ્ચ વિચારસણીનો મેળ નથી.

લોહી તો કયારનુ ચૂસાઈ ગયુ એટલે હવે તેના હાડકા ચામડામાંથી નિર્દય શોષણ થઈ રહયુ છે.

૯. મારો ઝઘડો યંત્રોની ઘેલછા સામે છે યંત્રો સામે નથી. આજે યંત્રોના પરિણામે લાખોની પીઠ પર ખોબા જેટલા લોકો સવાર થઈને બેઠા છે ને તેમને રગડે છે.

નામોશી તો એક બાજુ રહી, ઉલ્ટુ તેને ગર્વથી ''ઔદ્યોગિક વિકાસ'' કહેવામાં આવી છે.

૧૦. હિન્દુસ્તાનના શહેરોમાં જે સંપતિ જોવામાં આવે છે તેથી આપણે છેતરાઈએ નહીં. તે ઈંગ્લાંડ કે અમેરિકાથી આવતી નથી તે અત્યંત ગરીબ લોકાના લોહીમાંથી આવે છે.

આ મેલના પોપડાને પંપળીને મોટા કરવામાં અને ખાસ નવા પોપડા બતાવવામાં જ સરકારના બજેટના બજેટ ખર્ચાતા જાય છે અને તેમણે ગામડાનો જીવનરસતો તમામ ચૂસી કાઢયો, હવે મરતા ગામડાને ઝડપથી મારવા માટેના કારસ્તાનો થઈ રહયા છે.

૧૧. હિન્દુસ્તાનના ઉદ્યોગોને શહેરમાં લઈ આવવા, ને મોટા કારખાના મારફત ચલાવવા એમાં ગામડાનું અને ગામડાની પ્રજાનું ધીમુ પણ અચૂક મોત રહેલુ છે.ગામડાના લોહીની સીમેન્ટમાંથી બનેલી મોટી

# સુરાજય, કુરાજય, અરાજય, સ્વરાજય

"જયાં આવી કંગાલિયત સો વર્ષના વ્યવસ્થિત નિયંત્રિત રાજયકારભારને અંતે નભી શકે એટલુ જ નહી, પણ વધતી જતી હોય ત્યાં સુરાજયને નામે ઓળખાતું રાજય વાસ્તવીક રીતે કુરાજય જ હોય"

"કુરાજયમાંથી સુરાજય અથવા સ્વરાજ પેદા કરવુ અસંભવિત નહીં તો મુશ્કેલ તો છે જ. તેથી કુરાજયમાંથી સ્વરાજયને ઉત્પન્ન કરતા અરાજયને સાંખી લેવાની આવશ્યકતા રહે જ છે. જેમાં ઝાંખરા જ ઉગી નીકળ્યા છે. એવી જમીનમાં જો આપણે કંઈ પાક ઉગાડવા માગીએ તો પ્રથમ તો ઝાંખરાને જડમૂળથી ઉખેડવા પડે છે. અને ત્યારબાદ જ તેમાં વાવેતર થઈ શકે. અને વાવેતર કર્યા પછી તેને તડકો મળે, પાણી મળે તો જ પાક ઉતરે. ઝાંખરાવાળી ભૂમી કુરાજય છે. ઝાંખર રહિત ભૂમિ અરાજય છે, અને તેમાં થયેલુ વાવેતર સ્વરાજયનો પાયો છે. પ્રયત્ન પૂર્વક ઉગવેલો પાઠ પૂર્ણ સ્વરાજય છે."

"સરકારને સારુ તેની હસ્તીનો આધાર સ્વતંત્ર સ્વભાવના માણસોને દબાવવામાં રહયો જણાય છે." આપણી હસ્તીનો આધાર સરકારથી ન દબાવા ઉપર ને તેનો નીતિ વિરુદ્ધ કાનૂનો અને આજ્ઞાઓનો ભંગ કરવા ઉપર છે.

હિન્દુસ્તાનના સાત લાખ ગામડામાંથી દસ દસ માણસ પણ જો મીઠુ પકવવા (એટલે સેન્ટ્રલ એકસાઈઝનો કાયદો તોડવા) નીકળી પડે તો આ રાજ શું કરી શકે ? હજી કોઈપણ બાદશાહ એવો નથી જનમ્યો કે જેણે વગર કારણે કોઈનો તોપને ગોળે ચડાવ્યા હોય. એમ શાંતિથી કાનૂન ભંગ કરીને આપણે સહેજે સરકારને કાયર કાયર કરી મૂકી શકીએ એમ છીએ."

"જે હિંદુ મુસલમાન બે કે ચાર આનાના મીઠા પર સવા રૂપિયાનો કર ભરે છે તે બધા નિમકહરામ છે એમ હું માનું છું. આટલા દિવસ સુધી આપણે આ કર સહન કર્યા એ આપણી મુર્ખાઈ હતી, હિંદ પ્રત્યે બેવફાઈ હતી અને ગરીબો પ્રત્યે નિમકહરામી હતી."

"આ રાજયનો દ્રોહ કરવો એ મારો ધર્મ છે અને એ ધર્મ હું પ્રજાને શીખવી રહયો છું. જે રાજયની અંદર જુલમની પરંપરા બંધાઈ રહી હોય, જે રાજયની અંદર ગરીબ અને તવંગર ઉપર મીઠા જેવી વસ્તુને વિષે એક સરખો કર નાખવામાં આવતો હોય, જે રાજયમાં દરવાન, પોલીસ, લશ્કર પાછળ, લખલૂટ ખર્ચ થતો હોય, જે રાજયનો મોટો સૂબો રૈયતની આવક કરતા પાંચ હજાર ગણો પગાર લેતો હોય, જે રાજયમાં કરોડો રૂપિયા અફીણ દામાંથી મેળવાતા હોય અને કરોડો રૂપિયાનું કાપડ પરદેશથી આવતુ હોય અને જયાં કરોડો માણસ બેકાર રહેતા હોય એવા રાજયનો નાશ કરવો, એનો દ્રોહ કરવો અને પ્રતિક્ષણ પ્રાર્થના કરવી કે એ રાજનીતિ બળી જાઓ એ ધર્મ છે."

"દારૂના જયાં પીઠાના હોય ત્યાં પેદા કરી સરકારે ગરીબ પ્રજા આગળ દારૂની એવી જાળ ગોઠવી દીધી છે કે તેમાં ગરીબ, કંગાલ, ગામડીયાઓ ફસાઈ પડયા છે, અને આમ કરીને ગામડાનું સરકારે સત્યાનાશ વાળ્યુ છે. દારૂ જેવી ઝેરી વસ્તુના કઈ ઈજારા અપાતા હશે ? દારૂ તો કદાચ દવા તરીકે વાપરવાની વસ્તુ હોય અને તે જો જોઈતી હોય તો સરકારની તિજોરીમાંથી નીકળી શકે એવી વસ્તુ ગણાવી જોઈએ."

"આ તો રાક્ષસી રાજય છે. એનો સંહાર કરવો એ આપણો ધર્મ છે જેલ જવુ પડે તો જાય, દુઃખ સહન કરે, માર સહન કરે, ગોળીબાર કરે તો મરી જવુ, પણ તમારા હાથ ના વાપરશો. આપણી મીઠાનો કર અને એવો દુઃખો કાઢીને જ જંપીશુ."

"તમે નોકરીને બાળી નાખો, તમારુ પેટ ના ભરાય તો પેટને ફોડી નાખે, સરકારની નોકરી છોડી એટલે સરકાર ઠુંઠી થવાની આપણે સરકારના હાથ પગ છીએ."

"મીઠાનો કાયદો તો હિંદુસ્તાન ઉપર ખડકવામાં આવેલા અન્યાયને દુર કરવામાં તનતોડ પ્રયત્ન કર્યો જ છુટકો છે."

"સરકારી નોકરીમાં જુલમ કરવાની શકિત સિવાય બીજુ શું છે ? સરકારી નોકરી તો ગંદી વસ્તુ છે, અને આપણે હાથે પોપ કરાવે છે સરકારી નોકરો કેટલીક વખત સેવા કરે છે કારણ કે તેનું હાડ હિન્દુસ્તાનનું છે. સરકારી નોકરી મૂકવી એટલે બલાને ઘરમાંથી કાઢવી.

"ત્રીસ કરોડમાંથી ૩ કરોડ ખાય અને ૨૭ કરોડ ભૂખે મરે એ અર્થશાસ્ત્ર ના જોઈએ."

# ગાંધી વાણી

પ્રશ્ન : હું ગ્રામોદ્યોગના એક તદ્રીહ તરીકે બોલુ છું અને જાહેર કરુ છું કે મે મુંબઈ અને કલકતાની મીલો કોઈ ધરતીકંપથી નાશ પામે અને એકેએક પરદેશ કાપડ પુરુ પાડવાની ના પાડે તોયે ગ્રામોદ્યોગ એક મહિનામાં સુતરાઉ કાપડની બધી માંગ પુરી પાડી શકે.

ઉતર : દેશને જોઈતુ બધુ કાપડ થોડા હજાર માણસો પેદા કરે એવા યંત્રો દાખલ કરવા એ આત્મ હત્યા કરવા બરોબર છે.

પ્રશ્ન : તમે ગમે તે કહો મિ. ગાંધી, પણ તમે વધારે રાજકીય સતા લેવા આવ્યા છો તે તમને મળવાની જ છે અને એ તમને મળશે કે તરત જ આ મીલ માલીકો તેમના આડે ધર્મ અધર્મની નાત ભુલી જઈ જકાતોની જબરદસ્ત દીવાલો ઉભી કરશે. અને તમારા ગામડાને લંકેશાયરના કાડપના વેપાર કરતાએ ભયંકર જોખમરૂપ થઈ પડશે.

ઉતર : જો હું એ વખતે જીવતો હોઈશ અને જો એવી આફત આવી પડશે તો હું હિંમત કરીને કહુ છું કે મીલોનો એમ કરતા ભુકકો ઉડી જશે અને સાચી રાજકીય સતા મળતા પુખ્ય વયનો મતાધિકાર આવશે એટલે ધનિક લોકો ગરીબ ગામડિયાઓના હિતને કચડી નાખે એ અશકય થઈ પડશે.

– હું હિન્દુસ્તાનની મીલોને ટકાવવા માટે પણ આંગણી શુદ્ધા ન હલાવુ મારે કોઈ સમયે એ મીલોનો નાશ થાય એવો પ્રયત્ન પણ કરવો પડે.

– તમે કલ્પના કરો કે ત્રીસ કરોડ લોકોને કામ ન મળતુ હોય અને કરોડો લોકો દરરોજ કામને અભાવે, સ્વમાન શૂન્ય, ઈશ્વર નિષ્ઠા શૂન્ય થઈ જતા હોય એ કેવડી મોટી આપતિ હોવી જોઈએ. તેમની આગળ ઈશ્વરનું નામ મુકવાની મારી હિંમત નથી ચાલતી. એ ભૂખ્યા કરોડો જેમની આંખમં જરાય તેજ નથી રોટો એ જ જેમનો ઈશ્વર છે તેમની આગળ ઈશ્વરનું નામ મુકવુ અને પેલા કુતરા અગાળ મુકવુ એ બરાબર છે. તેમની આગળ ઈશ્વરનો સંદોશો લઈ જવો હોય તો મારે તેની આગળ પવિત્ર પરિશ્રમનો સંદોશો જ લઈ જવો જોઈએ. મજાનો નાસ્તો લઈને અહીં બેઠા હોઈએ અને એથીયે મજના ભોજનની રાહ જોતા હોઈએ તે વખતે ઈશ્વરની વાત કરવી ઠીક છે.

– હિંદુસ્તાનના ખેડૂતોને રોટલો તો તેમની જમીનમાંથી મળી રહે છે. મે તેમની આગળ રેંટીયો મુકયો તે એટલા માટે કે તેમને ઘી મળી શકે.

– જો હું લોકોને જીવનની બીજી મુખ્ય જરૂરીયાત એટલે કે કાપડની બાબતમાં સ્વાવલંબી થવાને સમજાવી શકુ તો તેમને સાચુ સ્વરાજય મળે.

– હિંદુસ્તાનમાં સ્ત્રીઓ અને પુરૂષોને દાન કે ભિક્ષા નહી પણ કામ આપીને ગરીબી દુર કરવા કરતા વધુ મહત્વનું કોઈ રચનાત્મક કાર્ય નથી.

– કોઈ માણસને પોતાના સંરક્ષણ માટે પારકા ઉપર આધાર રાખવો પડતો હોય તો તે સ્વરાજય ભોગવે છે એમ ન કહેવાય.

– યંત્રોને લીધે જ એક રાષ્ટ્ર, બીજા રાષ્ટ્રને ચુસી શકે છે એ વસ્તુ સ્થિતિને કારણે જ યંત્રો સામે મારો વિરોધ છે. એમ તો આ નિર્જીવ વસ્તુ છે અને એનો સારો અને ખોટો બંને ઉપયોગ થઈ શકે છે. પરંતુ આપણે જાણીએ છીએ કે એનો ખોટો ઉપયોગ સહેલાઈથી થઈ શકે છે.

– યંત્રો વગરનું સાદુ જીવન તો ફકત થોડા નિષ્ઠાવાન માણસો જીવી શકે. આમ જનતા કદી એના વગર ચલાવવાની નથી. તેમ છતાં એના વગર ચલાવવુ શકય છે. યંત્રોએ ઉભી કરેલી કુત્રિમ જરૂરીયાતો સિવાય પણ સંસ્કૃતિ જેમાં સાહિત્યને અને કલાઓને સ્થાન હોય એવુ સંસ્કારી જીવન શકય છે પણ હું આત્મવંચના કરવા માંગતો નથી હું જાણુ છું કે આમ જનતા કદી એવુ જીવન જીવવાની નથી. એ જીવન થોડા માટે જ છે.

– રાજકારણી પુરુષો કુટીલ માર્ગો અપનાવે છે માટે એમ કહેવુ છે કે રાજકારણ સુધરી શકે એમ નથી એ ખોટુ છે.

– જે બાબતો માટે કોઈ લડવા તૈયાર ન હોય એવી બાબતો માટે લડવા તૈયાર થવુ જોઈએ.

– વિજય મેળવવો એ માણસના હાથની વાત નથી, પણ પ્રયત્ન કરવો એ દરેક માણસના હાથની વાત છે.

– જેમ જેમ માણસ પોતાની જરૂરીયાતો વધારતો જાય છે તેમ તેમ તેનું અધઃપતન થતુ જાય છે. અને તેના બોજાથી તે ભાંગી પડે છે. બહુ મોટા પ્રમાણમાં માલ ઉત્પન્ન કરવાથી લોકોનું જીવન ધોરણ ઉંચુ ચડશે એમ હું જરાયે નથી માનતો માલ મોટા પ્રમાણમાં પેદા થાય તેટલા મોટા પ્રમાણમાં તેની વહેંચણી ન થાય તો દુનિયા ઉપર મહા ભયાનક આપતિ જ આવી પડે.

– મોટા પ્રમાણમાં ઉત્પાદન કરવામાં આવે છે તેમાં માલ વાપરનાર ઘરાકની ખરી જરૂરીયાતનો તો વિચાર જ કરવામાં આવતો નથી જો માટા પ્રમાણમાં ઉત્પાદન એ વસ્તુતાએ સારુ હોય તો એનો અમર્યાદીત વિકાસ થઈ શકે એવી સ્થિતિ હોવી જોઈએ. પણ એટલુ તો નિંવિવાદ પણે બતાવી શકાય એમ છે કે મોટા પ્રમાણના ઉત્પાદનનું રૂપ જ એવુ છે કે એણે કયાંક તો અટકવુ જ પડશે.

–જગતમાં જે ઉત્પાતો થઈ રહયા છે તેનું કારણ આ મોટા પ્રમાણમાં માલ બનાવવાની ઘેલછા જ છે. પણ જો માલ જે જગ્યાએ જોઈએ ત્યાં જ પેદા થાય અને ત્યાંજ વેચાય તો દગાને માટે ઓછો અવકાશ રહે અને સટ્ટો તો કોઈ કરી જ ના શકે.

# હથિયારો વિષે ગાંધીજી

ખરી વાત એ છે કે આપણે લડાઈ કરવાની શકિત જ ખોઈ બેઠા છીએ અને વીરતાનો નાશ થઈ ગયો છે. આપણી સ્ત્રીઓનું રક્ષણ કરવા જેટલી પણ આપણામાં શકિત નથી. ધોળે દહાડે ગામડામાં ધાડ પડે તેની સામે પણ આપણે ઉભી શકતા નથી એક હજારની વસ્તીમાં આઠ માણસો આવી લૂંટફાંટ કરી ચાલ્યા જઈ શકે એ દેખાવ આખી દુનિયામાં હિન્દુસ્તાનમાં જ બની શકે છે. આઠ માણસને હટાવી ન શકે એવા શરીરે તદન દુર્બળ ગામડિયા નથી. પણ તેઓને મરણનો ભારે ભય છે....સરકારી કે બીજા સિપાહી આવે ત્યારે જ આપણે ગામ બચાવી શકીએ એ સ્વમાન જાળવનારને સારુ અસત્ય સ્થિતિ છે.

દરેક પ્રકારના મારવામાં હિંસા નથી. કેટલીકવાર તો અહિંસાના પાલન માટે પણ મારવાની જરૂર પડે છે આપણે એક રાષ્ટ્ર તરીકે મારવાની સાચી શકિત ગુમાવી બેઠા છીએ. એ તો સ્પષ્ટ છે કે જે મારવાની શકિત ગુમાવી બેઠા હોય તે અહિંસાનું આચરણ કરી શકે નહિ.

હું ચોકકસ માનું છું કે આપણા બાળકોને આપણે આત્મરક્ષણની કલા શીખવવી જ પડશે. મને વધુને વધુ સ્પષ્ટ ભાસે છે કે જો આપણે આત્મરક્ષણની કળા પુનઃપ્રાપ્ત ન કરી શકીએ તો જમાનાઓ સુધી સ્વરાજને માટે નાલાયક રહેવાના છીએ.

આપણે લૂંટારાથી અને ..... પશુઓથી આપણું અને આપણા કુટુંબનું રક્ષણ કરી શકતા નથી. મુખી અને રાવણીયા આપણા ઉપર ફાવે તેમ જબરજસ્તી અને જુલમ કરે છે. આપણી પાસે હથિયારો નથી અને આપણને હથિયારો વાપરતા આવડતું નથી. શું આ સ્વરાજય છે? છતાં આખા હિન્દુસ્તાનમાં આ સ્વાભાવિક ક્રમ છે. અંગ્રેજોના કોઈ ગામની સુઘડતાની અને એના શાંતિ અને સ્વાસ્થ્ય સંપન્ન વાતાવરણીની કલ્પના કરો અને તેની સરખામણીમાં હિન્દુસ્તાનનું ગામડું કેટલુ કંગાળ છે તેનો વિચાર કરો, હિંદના ગામડા કરતા ઈંગલેન્ડના ગામડાની સ્થિતિ આટલી સારી હોવાનું કારણ એ છે કે દરેક અંગ્રેજ પરાવલંબી નથી. અને કોઈ પણ હુમલાખોર સામે તે પોતાના કુટુંબ અને ગામનું રક્ષણ કરી શકે છે આમ આત્મરક્ષણની શકિત એ સ્વરાજયની પહેલી જરૂરીયાત છે. હું સ્વરાજય માટે લાયક ત્યારે જ ગણાઉ જયારે હુ મારુ પોતાનું રક્ષણ કરી શકું......

પ્રજાનું ફરજિયાત નિઃશસ્ત્રીકરણ થયું છે.

જયાં સુધી પોતાનું રક્ષણ કરવાની તાલીમ તેમને (લોકોને) ન મળે ત્યાં સુધી એ નિર્ભયવૃતિ તેઓ મેળવી શકશે નહિ. અહિંસાનો પાઠ તો એ માણસોને આપવાનો છે જેનું જીવન જુસ્સાથી તરવરતુ હોય અને જે પોતાના વિરોધીની સામે છાતી કાઢીને ટટાર ઉભો રહી શકે એમ હોય. મને લાગે છે કે અહિંસા પુરેપુરી સમજવા માટે અને બરાબર પચાવવા માટે શારીરિ હિંમતનો પુરો વિકાસ થયેલો હોવો એ અનિવાર્ય છે.

હિન્દુસ્તાનને લડતા તો આવડતું જ જોઈએ બીજાને ઈજા કરવાની કે બીજાની હત્યા કરવાની ઈચ્છા નિર્મૂળ કરવી એનું નામ અહિંસા. આપણે કરતા બધી વાતે ઉતરતા લોકો પ્રત્યે જ અહિંસા આચરી શકાય.

**<u>૧૧ ૪૭</u>**

હું એવું માનું છુ કે એકવાર આપણે હથિયાર વાપરતા શીખી ગયા કે પછી આ ધરતી પર એવી કોઈ શકિત નથી જે આપણી મરજી વિરુધ્ધ આપણી પાસેથી હથિયારો છીનવી લઈ શકે....... જે મૃત્યુથી ડરે છે તે સત્યાગ્રહી થઈ શકતો નથી. સત્યાગ્રહી સાચી કદર કરવા માટે શારીરીક બળ વાપરવાની તાકાત આવશ્યક છે જે તે હત્યા કરતા આવડે છે, એટલે જે હિંસા શું છે તે જાણે છે, માત્ર એ જ માણસ અહિંસાનું પાલન કરી શકે છે.

અંગ્રેજી અધિકારીઓએ હિન્દુસ્તાનને શસ્ત્રરહિત કરી અઘોર પાપ કર્યુ છે તે જો હજુ અધિકારીવર્ગ નહિ ચેતે તો તેના બધા પુણ્યોને ધોઈ નાખશે અને તેને તેત્રીસ કોટી પ્રજાને નામર્દ બનાવવા સારુ ફિટકાર લાગશે.

વિષયવૃતિનો ત્યાગ એ બ્રહમચર્ય છે પણ આપણે આપણા છોકરા નપુંસક થાય તેમ નથી ઉછેરતા. તેઓ અત્યંત વીર્યવાન હોવા છતાં પોતાની વિષયેન્દ્રિયને રોકે તો જ તે બ્રહમચર્ય. તેમ જ આપણા છોકરા શરીરે બળિયા હોવા જ જોઈએ. તેઓ હિંસાવૃતિનો સર્વથા ત્યાગ ન કરી શકે તો એને હિંસા કરવા દઈ લડવાની શકિતનો ઉપયોગ કરવા દઈ તેમને અહિંસક બનાવી શકાય.

દુષ્કૃત્ય કરનારને મારવાનું જોખમ ખેડીને પણ મારી સ્ત્રી અને બાળકોનું રક્ષણ કરવામાં સાચી અહિંસા રહેલી છે.

શરીરબળની વ્યર્થતા આપણને સમજાય અને એ શકિતનો આપણે ત્યાગ કરીએ તે પહેલા મારવાની પુરેપુરી શકિત આપણામાં હોવી જોઈએ.

*સોવીયેટ રશીયાએ ૧૯૨૯માં હથિયારો ઉપર પ્રતિબંધ ફરમાવીને લાયસન્સનો કાયદો અમલમાં મુકયો. પરિણામે ૧૯૨૯ થી ૧૯૫૩ ના ગાળામાં બે કરોડ જેટલા રાજકીય મદભેદ ધરાવતા નાગરીકો પોતાની જાતનું રક્ષણ કરવા અસમર્થ બન્યા અને તેમને પકડીને તેમને મારી નાખવામાં આવ્યા.*

*તુર્કસ્તાને ૧૯૧૧માં હથિયારો ઉપર પ્રતિબંધ ફરમાવીને લાયસન્સનો કાયદો અમલમાં મુકયો. પરિણામે ૧૯૧૫ થી ૧૯૧૭ ના ગાળામાં પંદર લાખ જેટલા આરમેનીયન રાજકીય મદભેદ ધરાવતા નાગરીકો પોતાની જાતનું રક્ષણ કરવા અસમર્થ બન્યા અને તેમને પકડીને તેમને મારી નાખવામાં આવ્યા.*

*જર્મનીએ ૧૯૩૮ માં હથિયારો ઉપર પ્રતિબંધ ફરમાવીને લાયસન્સનો કાયદો અમલમાં મુકયો. પરિણામે ૧૯૩૯ થી ૧૯૪૫ ના ગાળામાં ૧૩૦ લાખ જેટલા યહુદી, જીપ્સી અને માનસીક રીતે પછાત અને વર્ણશંકર જાતીના રાજકીય મદભેદ ધરાવતા નાગરીકો પોતાની જાતનું રક્ષણ કરવા અસમર્થ બન્યા અને તેમને પકડીને તેમને મારી નાખવામાં આવ્યા.*

*ચીને ૧૯૩૫ માં હથિયારો ઉપર પ્રતિબંધ ફરમાવીને લાયસન્સનો કાયદો અમલમાં મુકયો. પરિણામે ૧૯૪૮ થી ૧૯૫૨ ના ગાળામાં બે કરોડ જેટલા રાજકીય મદભેદ ધરાવતા નાગરીકો પોતાની જાતનું રક્ષણ કરવા અસમર્થ બન્યા અને તેમને પકડીને તેમને મારી નાખવામાં આવ્યા.*

*ગ્વાટેમાલાએ ૧૯૬૪ માં હથિયારો ઉપર પ્રતિબંધ ફરમાવીને લાયસન્સનો કાયદો અમલમાં મુકયો. પરિણામે ૧૯૬૪ થી ૧૯૮૧ ના ગાળામાં એક લાખ જેટલા માયન જાતિના રાજકીય મદભેદ ધરાવતા નાગરીકો પોતાની જાતનું રક્ષણ કરવા અસમર્થ બન્યા અને તેમને પકડીને તેમને મારી નાખવામાં આવ્યા.*

*યુગાન્ડાએ૧૯૭૦માં હથિયારો ઉપર પ્રતિબંધ ફરમાવીને લાયસન્સનો કાયદો અમલમાં મુકયો. પરિણામે ૧૯૭૧ થી ૧૯૭૯ ના ગાળામાં ત્રણ લાખ જેટલા ખ્રીસ્તીઓ પોતાની જાતનું રક્ષણ કરવા અસમર્થ બન્યા અને તેમને પકડીને તેમને મારી નાખવામાં આવ્યા.*

*કંમ્બોડીયા ૧૯૫૬ માં હથિયારો ઉપર પ્રતિબંધ ફરમાવીને લાયસન્સનો કાયદો અમલમાં મુકયો. પરિણામે ૧૯૭૫ થી ૧૯૭૭ ના ગાળામાં દસ લાખ જેટલા ભણેલા ગણેલા માણસો પોતાની જાતનું રક્ષણ કરવા અસમર્થ બન્યા અને તેમને પકડીને તેમને મારી નાખવામાં આવ્યા.*

## आझादी बचाओ आंदोलन
## स्वदेशी अपनाओ - देश बचावो।

(१) घर घर स्वदेशी का दिप जले ।
देश उन्नती की और चले ।।

(२) अन्न, जल-जमीन स्वदेशी ।
फिर क्यों सामान विदेशी ।।

(३) जो वापरे सामान विदेशी ।
भारत छोडे, बन जावे परदेशी ।।

(४) अगर भारत को बचाना है ।
तो नंगी पाश्चात संस्कृति को
भगाना है।।

(५) विदेशी कंपनीया आई आपके घर ।
कल करेंगी ये आपको बेघर ।।

(६) अन्न, पाणी, जमीन स्वदेशी,
तो पछी केम सामान विदेशी ?

(७) स्वदेशी प्रकृति है,
विदेशी विकृति है ।

(८) कोलगेट पेप्सी कोका बाटा ।
देशका करते बहुत घाटा ।।

(९) स्वदेशी गुण छे अेक,
साथे आवे सदगुण अनेक।

(१०) देशनुं पर्यावरण केम बचावीअे,
दरेक जन्मदिवस पर अेक झाड वावीअे।

(११) देश के कारखाने करे पुकार,
स्वदेशीका करो स्वीकार ।

(१२) अमरीकी प्रतिबंधो का सही प्रतिकार
अमरीकी सामानोका पुर्ण बहिष्कार ।

(१३) स्वदेशी धर्म निभाये ।
या फिर गुलामी मे जाये ?

(१४) एक ही नारा ।
स्वदेशी हमारा ।।

(१५) जुल्मो से यदि खुदको बचाना ।
तो दोस्तो स्वदेशीको अपनाना ।।

(१६) गांधीजीनो हतो संदेश

## स्वदेशी होय आखो देश।

(१) घर घर स्वदेशी का दिप जले ।
देश उन्नती की और चले ।।

(२) अन्न, जल-जमीन स्वदेशी ।
फिर क्यों सामान विदेशी ।।

(३) अगर भारत को बचाना है ।
तो नंगी पाश्चात संस्कृति को भगाना है ।।

(४) विदेशी कंपनीया आई आपके घर ।
कल करेंगी ये आपको बेघर ।।

(प) अन्न, पाणी, जमीन स्वदेशी,
तो पछी केम सामान विदेशी ?

(६) स्वदेशी प्रकृति है,
विदेशी विकृति है ।

(७) कोलगेट पेप्सी कोका बाटा ।
देशका करते बहुत घाटा ।।

(८) स्वदेशी गुण छे अेक,
साथे आवे सदगुण अनेक।

(९) देश के कारखाने करे पुकार,
स्वदेशीका करो स्वीकार ।

(१०) अमरीकी प्रतिबंधो का सही प्रतिकार
अमरीकी सामानोका पुर्ण बहिष्कार ।

(११) स्वदेशी धर्म निभाये ।
या फिर गुलामी मे जाये ?

(१२) एक ही नारा ।
स्वदेशी हमारा ।।

(१३) जुल्मो से यदि खुदको बचाना ।
तो दोस्तो स्वदेशीको अपनाना ।।

(१४) गांधीष्टनो हतो संदेश
स्वदेशी होय आखो देश।

*(१प) स्वराज अेटले सरकारना अंकुशमांथी मुकत थवानो सतत प्रयास पछी भले ते सरकार परदेशी होय, के देशनी।*

*- गांधीष्ट*

*(१६) कायदा आपणने पसंद न होवा छता ते प्रमाणे चालवु अेवु शिक्षण मर्दाइथी विरुध्ध छे, धर्म विरुध्ध छे ने गुलामीनी हद छे।*

*- गांधीष्ट*

*(१७) जो लोको अेकवार शीखी ले के आपणने अन्यायी लागे ते कायदाने मान आपवुं अे नामर्दाइ छे, तो पछी आपणने कोइनो जुलम बंधन करी शकतो नथी। ते स्वराजनी चावी छे। - गांधीष्ट*

*(१८) कोइपण देशने कोइपण प्रसंगे औद्योगिकरण करवानी जरूर होय अेम हुं मानतो नथी। लक्ष्मीनी पूजाअे आपणा पर लादेली अतिशय वेगीली यंत्रशकित उपर रचायेला अेवा जटिल भौतिक ष्टवन साथे उच्च विचारसरणीनो मेळ नथी। - गांधीष्ट*

*(१९) हिन्दुस्तानना शहेरोमां जे संपति जोवमां आवे छे तेथी आपणे छेतराइअे नहीं। इंग्लांड के अमेरिकाथी आवती नथी ते अत्यंत गरीब लोकोना लोहीमांथी आवे छे। - गांधीष्ट*

*(२०) शहेरोअे गामडांओने चूस्या छे। गामडांना लोहीनी सिमेन्ट वडे ज शहेरोनी मोटी मोटी महोलातो बंधाइ छे। मोटा मोटा शहेरो उभां थवा अे रोगनी निशानी छे। - गांधीष्ट*

*(२१) जेम जेम माणस पोतानी जरूरियात वधारतो जाय छे, तेम तेनुं अधःपतन थतुं जाय छे। अने तेना बोजाथी ते भांगी पडे छे। - गांधीष्ट*

# ગાંધીજીની અમૃતવાણી

(૧) મને તો નવાઈ લાગે છે કે મારા જેવો એક માણસ જેને લાકડી ઉગામતા યે નથી આવડતી તે આવી મોટી સલ્તનતને તે શું ડરાવતો હશે. પણ તમારા હૃદયમાં જો રામ વસતો હોય તો આ એક તો શું પણ

એથીય મોટી બીજી વીસ સલ્તનતને પણ ડોલાવવી એ સહેલ છે.

(૨) મારી ચોકકસ માન્યતા છે કે આપણામાંના દરેકની અંદર રહેલી નિગૂઢ શકિતનો જે ક્ષણે આપણે

પરચો કરી શકીશું. તે જ ક્ષણે આપણે સ્વતંત્ર થશુ.

(૩) પૂર્ણસ્વરાજ મેળવવુ મુશ્કેલ પણ છે અને સહેલુ પણ છે. જો આપણે કંઈ પણ કરવા જ ના માગીએ તો

એ મુશ્કેલ છે. આખો જનસમૂહ જો પોતાનો ધર્મ સમજી જાય તો એ સહેલું છે.

(૪) મધ્યસ્થ અને પ્રાંતીય ધારાસભાઓ હિંદની રહીસહી સંપતિ શોષી લેવાની મજબૂત અને લોભામણી

યુકિતઓ છે. ધારાસભાઓ વગેરે જો સરકારની ઈચ્છા બર લાવવા માટે તેમની યોજના કરવામાં આવી હશે તો એ વાત ચોકકસ છે કે તેઓ નુકશાનકારક જ નીવડવાના.

(૫) આપણે આપણી ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવી હોય તો તપશ્ચર્યા કરવી જ જોઈએ. કારણકે પ્રભુ, વિના

તપશ્ચર્યા એ કંઈપણ આપતો નથી.

(૬) મને ભય છે કે શહેરી જીવનમાં પુરાઈ રહેવાથી અને એ જીવનમાંથી મળતા પ્રમાણમાં વધુ પડતા

સુખસગવડો ભોગવવાથી આપણે એટલા બધા આળસુ અને બેદરકાર બની ગયા છીએ કે આપણે ગ્રામીણ ભારતની દશાનો અભ્યાસ કરી શકતા નથી કે પોતાને વિષે વિચાર કરી શકતા નથી.

(૭) આપણી આર્થિક દુર્દશાનું પણ આપણને પૂરું ભાન નથી. તે એટલી હદે વણસી ગઈ છે કે તેણે માણસને

માણસ રહેવો દીધો નથી. માનવીના રૂપમાં તે એક ભૂખેમરતું અને દિવસે દિવસે દુર્બળ થતુ ભારવાહક પશુ છે. એની પાસેથી લેવામાં આવતા પૈસા કદી એની સ્થિતિ સુધારવા માટે વપરાતા નથી.

# કસ્તૂરબાને પત્ર

(ગાંધીજી જયારે પ્રિટોરિયાની જેલમાં જેલ ભોગવતા હતા ત્યારે તેમને સમાચાર મળેલા કે કસ્તૂરબા અતિશય બિમાર છે અને બચે એમ નથી. તેથી ગાંધીજીએ કસ્તૂરબા બચશે નહિ એમ સમજીને નીચેનો પત્ર જેલમાંથી કસ્તૂરબાને લખેલો છે. તેના હૃદયની પાવક જવાળા આજે પણ કેટલી પાવનકારી છે તે વાચક જોઈ શકશે.)

---

પ્રિટોરિયા,

નવેમ્બર ૯, ૧૯૦૮

વહાલી કસ્તૂર,

તારી તબિયતનો તાર મિ. વેસ્ટે આજે મોકલ્યો છે. મારું હૈયું કોતરાય છે. હું રડું છું પણ તારી ચાકરી કરવા આવું એવી સ્થિતિ નથી. સત્યાગ્રહની લડતમાં મેં બધું અર્પણ કર્યુ છે. મારાથી તો અવાય જ નહીં. (જેલમાંથી છુટવા માટે) દંડ તો ન જ અપાય. તું જરા હિંમત રાખે રીતસર ખાય તો સારું થઈ રહેશે. છતાં મારે નસીબેથી તું જશે જ એમ હશે તો હું તને એટલું જ લખું છું કે તું વિયોગમાં પણ મારી હયાતીમાં જ ચાલી જાય તેમાં ખોટું નથી. મારું હેત તારી ઉપર એટલું છે કે તું મરશે છતાં મારે મન જીવશે. તારો આત્મા અમર છે. તું ઈશ્વર ઉપર આસ્થા રાખી પ્રાણ તજજે. તું મરીશ તો તે પણ તારો સત્યાગ્રહને ભોગ છે. મારી લડત તે માત્ર રાજદ્વારી નથી. તે ધાર્મિક છે. એટલે અતિ ચોખ્ખી છે. તેમાં મરવું તોયે શું જીવવું તો યે શું ? તું પણ એમ જ માની જરાયે ઓછું નહીં લાવે એવી મારી ઉમેદ છે. એવુ તારી પાસેથી હું માગી લઉં છું.

**મોહનદાસ**

---

''જે દેશમાં અન્યાય અને જુલમ લોકો ઉપર ગુજરે છે અને તેઓના ખરા હક સચવાતા નથી, તે લોકોએ જેલમાં જ રહેવું તે તેઓની ખરી ફરજ છે. અને જયાં સુધી બંધનરૂપી બેડી ના તૂટે ત્યાર સુધી જેલમાં જ રહી દિવસો કાઢવા તે સાચા અને ખુદા ઉપર ભરોસો રાખનારનો ખરો ધરમ સમજું છું. "

**–ગાંધીજી**

''સત્યને પાળવુ–દુઃખ દૂર કરવા દુઃખ સહન કરવું એ કઠણ લાગે છે. છતાં જેમ જેમ વિચાર કરું છું તેમ સત્યાગ્રહ સિવાય બીજો ઈલાજ આપણે સારુ કે બીજા કોઈના દુઃખોને સારુ સૂઝતો નથી. મને તો એમ લાગે છે કે તે સિવાય બીજો ખરો ઈલાજ દુનિયામાં છે જ નહીં.''

**–ગાંધીજી**

''સત્યાગ્રહની પહેલી શરત એ છે કે તે લડતવાળાને સત્યનો આગ્રહ, સત્યનું બળ હોવુ જોઈએ એટલે તે માણસે માત્ર સત્ય ઉપર આધાર રાખવો જોઈએ. સત્યાગ્રહ તે શરીરબળ કરતા વધારે તેજસ્વી છે અને તેની આગળ શરીરબળ એક તણખલા સરખુ છે. સત્યાગ્રહીતો પોતાના શરીરને કંઈ જ નથી ગણતો. તેનામાં બીકતો પેસી જ ના શકે. તેથી જ તે બહારના હથિયાર ધારણ કરતો નથી અને મોતનો ડર રાખ્યા વિના અંત સુધી ઝુઝે છે. એટલે સત્યાગ્રહીમાં શરીરબળના કરતા વધારે હિંમત હોવી જોઈએ. આમ સત્યાગ્રહીને પ્રથમ તો સત્યનું સેવન, સત્ય ઉપર આસ્થા હોવા ઘટે છે.''

''તેનામાં પૈસાની બેદરકારી હોવી જોઈએ. દોલત અને સત્યને સદાય અણબનાવ રહેલો છે અને આખર તક રહેશે. જે દોલતને વળગે છે તે સત્યને જાળવી શકતો નથી. આનો અર્થ એમ નથી કે સત્યાગ્રહી પાસે દોલત હોય જ નહિ. હોઈ શકે, પણ પૈસો તેનો પરમેશ્વર ન થઈ શકે. સત્યને સેવતા પૈસો રહે તો ઠીક છે નહીંતો તે હાથનો મેલ છે એમ સમજી તેને જતો કરતા એક પળવાર પણ આંચકો ખવાય નહિ. આવુ મન ન કર્યુ હોય તેનાથી સત્યાગ્રહ ન જ લેવાય.''

''જુલમી રાજાના રાજયમાં ઘણે ભાગે જુલમમાં ભાગ લેનાર માણસથી જ પૈસો રાખી કે એકઠો કરી શકાય છે. જુલમમાં ભાગ લેવો એ તો સત્યાગ્રહીથી થાય નહી, એટલે આવી સ્થિતિમાં સત્યાગ્રહીએ ગરીબાઈમાં તવંગરી માનવી ઘટે છે.''

''સત્યાગ્રહીને કુટુંબની માયા છોડવી પડે છે. આ બહુ અઘરી વાત છે. પણ સત્યાગ્રહ તેના નામ પ્રમાણે તલવારની ધાર કહયો છે. અમુક દુઃખ વેઠતા, ધન ગુમાવતા, જેલ જતા, કુટુંબનું શું થશે એ શોક કે શંકા થવા ન જોઈએ. જેણે દાત આપ્યા છે તે ચાવણું આપશે. આપણે

જે વલખા નાખીએ છીએ તે શેર બાજરીના કે મુઠી ધાનના નહી પણ ખટમધુરા સ્વાદ કરવાના. ટાઢ સહન થઈ શકવા પુરતા જેવા તેવા કપડાના નહિ, પણ રેસમ કીનખાબનાં. જો આ લવારી મુકી દઈએ તો કુટુંબના ભરણપોષણની ચિંતા થોડી જ રહે છે. જે માણસ ખુદા કે ઈશ્વર ઉપર બધુ જ છોડે છે તેને જગતમાં કદી હારવાનું રહેલુ જ નથી. લોક હાર્યા કહે તેથી તે હાર્યા ગણાય નહી. લોક જીત્યા માને તેમાં જીત પણ નહી. તે તો તે જ જાણે છે. આ સત્યાગ્રહનું ખરુ સ્વરૂપ છે. જેણે સત્યાગ્રહને ખાતર સર્વે જતુ કર્યુ છે તેણે સહુ મેળવ્યુ છે કેમકે તેઓ સંતોષ માને છે. સંતોષ એ સુઃખ છે. બાકી સુઃખ કોણે જાણ્યુ છે ?''

**–ગાંધીજી**

# આત્મરક્ષણ અંગે ગાંધીજીના વિચારો

(૧) આપણે લડાઈ કરવાની શકિત જ કોઈ બેઠા છીએ અને વીરતાનો નાશ થઈ ગયો છે. આપણી સ્ત્રીઓનું રક્ષણ કરવા જેટલી પણ આપણામાં શકિત નથી. ધોળે દહાડે ગામડામાં ધાડ પડે તેની સામે પણ આપણે ઊભી શકતા નથી. એક હજારની વસ્તીમાં આઠ માણસો આવીને લૂંટફાંટ કરી ચાલ્યા જઈ શકે એ દેખાવ આખી દુનિયામાં હિન્દુસ્તાનમાં જ બની શકે છે. આઠ માણસને હરાવી ન શકે એવા શરીરે તદ્દન દુર્બળ ગામડીયા નથી. પણ તેઓને મરણનો ભારે ભય છે.

(૨) સરકારી કે બીજા સીપાઈ આવે ત્યારે જ આપણે ગામ બચાવી શકીએ એ સ્વમાન જાળવનારને સારુ અસહ્ય સ્થિતિ છે.

(૩) દરેક પ્રકારના મારવામાં હિંસા નથી. કેટલીક વાર તો અહિંસાના પાલ ન માટે મારવાની પણ જરૂર પડે. આપણે એક રાષ્ટ્ર તરીકે મારવાની સાચી શકિત ગુમાવી બેઠા છીએ. એ તો સ્પષ્ટ છે કે જે મારવાની શકિત ગુમાવી બેઠો હોય તે અહિંસાનું આચરણ કરી શકે નહી.

(૪) હું ચોકકસ માનુ છું કે આપણા બાળકોને આપણે આત્મરક્ષણની કળા શીખવવી જ પડશે. મને વધુમાં વધુ સ્પષ્ટ ભાસે છે કે જો આપણે આત્મરક્ષણની કળા પુનઃપ્રાપ્ત ન કરી શકીએ તો જમાનાઓ સુધી સ્વરાજને માટે નાલાયક રહેવાના છીએ.

(૫) આપણે લુંટારાથી આપણું અને આપણા કુટુંબનું રક્ષણ કરી શકતા નથી. મુખી અને રાવણિયા આપણા પર ફાવેતેમ જબરદસ્તી અને જુલમ કરે છે. આપણી પાસે હથિયારો નથી અને આપણને હથિયારો વાપરતા આવડતુ નથી. શું આ સ્વરાજય છે ? છતાં આખા હિંદુસ્તાનમાં આ સ્વાભાવિક ક્રમ છે. અંગ્રેજોના કોઈ ગામની સુઘડતાની અને તેના શાંતિ અને સ્વાસ્થય સંપનન વાતાવરણની કલ્પના કરો અને તેની સરખામણીમાં હિંદુસ્તાનનું ગામડુ કેટલુ કંગાળ છે તેનો વિચાર કરો. હિંદના ગામડા કરતા ઈંગ્લાંડના ગામડાની સ્થિતિ આટલી સારી હોવાનું કારણ એ છે કે દરેક અંગ્રેજ પરાવલંબી નથી અને કોઈપણ હુમલાખોર સામે તે પોતાના કુટુંબ અને ગામનું રક્ષણ કરી શક છે. <u>આમ આત્મરક્ષણની શકિતએ સ્વરાજયની પહેલી જરૂરિયાત છે.</u> હું સ્વરાજય માટે લાયકત ત્યારે જ ગણાઉ જયારે હું મારુ પોતાનું રક્ષણ કરી શકું.

(૬) <u>અંગ્રેજી અધિકારીઓએ હિંદુસ્તાનને શસ્ત્રરહિત કરી અઘોર પાપ કર્યુ છે તેની તેત્રીસ કોટિ પ્રજાને નામર્દ બનાવવા સારુ ફીટકાર લાગશે.</u>

(૭) દુષ્કૃત્ય કરનારને મારવાનું જોખમ ખેડીને પણ મારી સ્ત્રી અને બાળકોનું રક્ષણ કરવામાં સાચી અહિંસા રહેલી છે.

(૮) એકવાર આપણે હથિયાર વાપરતા શીખી ગયા કે પછી આ ધરતી પર એવી કોઈ શકિત નથી જે આપણી મરજી વિરુદ્ધ આપણી પાસેથી હયિથારો છીનવી લઈ શકે.

(૯) હિદુસ્તાનને લડતા તો આવડવુ જ જોઈએ. મને લાગે છેઢ કે અહિંસા પુરેપુરી સમજવા માટે અને બરાબર પચાવવા માટે શારીરિક હિંમતનો પૂરો વિકાસ થયેલો હોવો અનિવાર્ય છે. આપણા કરતા બધી વાતે ઉતરતા લોકો પ્રત્યે જ અહિંસા આચરી શકાય.

**–મહાત્મા ગાંધીજી**

# બંધારણની વ્યર્થતા

૧૯૫૦ ની સાલથી આપણા દેશમાં બંધારણ અમલમાં આવ્યુ ત્યારથી આપણા દેશનો તમામ વહીવટ બંધારણ પ્રમાણે ચાલે છે. બંધારણનો ભંગ થાય એવુ કોઈપણ કાર્ય સરકાર કે વડાપ્રધાન પણ કરી શકતા નથી. બંધારણનો ભંગ થાય એવો કોઈપણ કાયદો કોઈપણ સરકાર કરી શકિત નથી. એટલે જ દરેક પ્રધાને પણ બંધારણને વફાદાર રહેવાના સોગંદ લેવા પડે છે.

આનો અર્થ એવો થયો કે અત્યાર સુધીમાં છેલ્લા ૪ર વરસમાં જે વહીવટ ચાલ્યો તે બધો જ વહીવટ બંધારણ પ્રમાણેનો જ ચાલ્યો છે બંધારણના કોઈપણ નિયમને કયાંય પણ ભંગ થયો નથી. આજ સુધી છેલ્લા ૪ર વરસમાં જે જે કાયદા રાજયોમાં તથા કેન્દ્ર સરકારમાં થયા તે તમામ કાયદાકાનુનોને બંધારણનું સમર્થન મળ્યુ છે. કોઈપણ જગ્યાએ બંધારણનો ભંગ થયો નથી, કારણ કે જો ભંગ થયો હોત તો તે કાયદો આપોઆપણ ગેરબંધારણીય ઠર્યો હોત અને તે કાયદો બની જ શકયા ન હોત. એટલે જે કાંઈ થયુ છે તે તમામે તમામ બંધારણની જોગવાઈમાં પૂરેપુરુ બંધ બેસતુ હતુ તેથી જ બધુ થયુ છે. ગરીબો વધારે ગરીબ બન્યા છે અને ધનવાનો વધારે ધનિક બન્યા છે. એટલે કે કરોડો ગરીબોને લૂંટીને મુઠ્ઠીભર ધનવાનોને અને સરકારી અધિકારીઓને માલામાલ કરી મુકવાની જે ષડયંત્ર ચાલ્યુ તે બધુ બંધારણ અનુસાર થયુ છે. બંધારણ વિરુદ્ધ તો કાંઈ થયુ જ નથી. એટલે એટલુ તો સ્પષ્ટ જોઈ શકાય છે કે કરોડોની પ્રજા ઉપર ભારે કરવેરા નાખીને તેમને ચૂસી લેવાનું પાપ સરકાર કરે તથા તે દ્વારા અબજો રૂપિયા ભેગા કરીને સરકારી ધિકારીઓ અને મુઠ્ઠીભર ધનવાનોને વહેંચી દે તેમાં બંધારણનો કયાંય ભંગ થતો નથી, જે છેલ્લા ૪ર વરસથી આપણે જોતા આવીએ છીએ.

આપણા દેશમાં ભારે ગરીબી છે. ૩૦ કરોડ માણસોને સાંજે ખાવા મળતુ નથી. વિચારો તો કરો કે ૩૦ કરોડ માણસોને સાંજે ભૂખ્યા સૂઈ જવુ પડે તે કેવડી ભયાનક ગરીબી અને ભૂખમરો ગણાય. બાકીના ૫૫ કરોડમાંથી પણ ૫૦ કરોડ તો સાવ સામાન્ય સ્થિતિના જ અથવા તો ગરીબ જ ગણાય એવા છે. સારી સ્થિતિના તો ફકત પાંચ કરોડ માણસો માંડ હશે. પરંતુ બંધારણ પ્રમાણે તો આપણી સરકાર પ્રજાસત્તાક સરકાર છે એટલે કે પ્રજાની સત્તા છે એવી સરકાર. હવે જો પ્રજાની જ સરકાર હોય તો સૌથી પહેલુકામ ૩૦ કરોડ માણસો ભૂખે મરે છે તેનો ઉકેલ શોધવાનું હોય તેને બદલે આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ કે આપણી સરકર તો અબજો રૂપિયાની યોજનાઓ ગરીબ માણસને કાંઈ જ લેવા દેવા નથી એવી ન સમજાય એવી વાતોમાં જ વેડફી નાખે છે. સરકારી અધિકારીઓ મોટા શહેનશાહો કરતાંય સારી રીતે રહે છે, વિમાનો, વિમાનગૃહો, પરિષદો, જંગી રાક્ષસી, ઉદ્યોગો, રસ્તા, વાહનો, શહેરો, સુખવૈભવના સાધનો અને સગવડો પાછળ જ બધી રકમો વેડફી નાખે છે અને ગરીબોની સંખ્યામાં તો ઉલ્ટો વધારો જ થતો જાય છે. આ તમામ પાપકાર્યો બંધારણ પ્રમાણે ચાલે છે અને આ બધા પાપકાર્યો ચલાવવામાં કયાંય પણ બંધારણની કોઈપણ કલમનો કયાંય પણ ભંગ થતો નથી કારણ કે જો કયાંય પણ ભંગ થતો હોય તો તે કામ થઈ શકયુ જ ન હોત. કારણકે આપણી સરકાર બંધારણ પ્રમાણે ચાલવા બંધાયેલી છે.

દુનિયાના તમામ દેશો કરતા આપણી અમલદારશાહી આપણી પ્રજા માટે વધુમાં વધુ ભયાનક છે, વધુમાં વધુ ભ્રષ્ટાચારી છે, વધુમાં વધુ નિષ્ઠુર અને નિદર્ય છે અને વધુમાં વધુ દમનકારી છે. કારણ કે અંગ્રેજોએ આપણી કરોડોની પ્રજાને દબાવી રાખવા માટે તેની રચના કરેલી છે, આપણું બંધારણ અમલમાં આવ્યા પછી આપણી પાર્લામેન્ટ તથા રાજયોની ધારાસભાઓએ સેંકડો બલ્કે હજારો કાયદાઓ પસાર કર્યા છે જેમાં દરેકે દરેક કાયદો પ્રજાને દબાવવા કે અંકુશ મુકવા માટે સરકારી અધિકારીઓને સત્તા આપે છે. એવો એક પણ કાયદો છેલ્લા ૪ર વરસમાં થયો નથી. જેમાં સરકારી અધિકારી ઉપર અંકુશ મૂકવામાં આવ્યો હોય અને પ્રજાની સ્વતંત્રતામાં વધારો કરવામાં આવ્યો હોય, તમામે તમામ કાયદા જેમાં કોઈ અપવાદ નથી તેમાં એવી જ જોગવાઈઓ છે કે જેનાથી પ્રજાની સ્વતંત્રતા કુંઠિત થાય અને સરકારી અધિકારીઓની પ્રજા ઉપર અંકુ રાખવાની કે દમન કરવાની સત્તામાં વધારો થાય. આને કારણે સમસ્ત પ્રજા હેરાન પરેશાન થઈ ગઈ છે, ભ્રષ્ટાચાર હજારો ગણો વધી ગયો છે, પ્રજાની ગુલમી અનેક ગણી વધી ગઈ છે, સરકારી અધિકારીઓ અને પોલીસ નિરંકુશ બની ગઈ છે. ચારેકોર અન્યાય, જુલમ, અત્યાચાર અને અસંતોષની જવાળાઓ સળગી ઊઠી છે. આ તમામ પ્રક્રિયાઓ બંધારણ મુજબ થયેલી છે, આમાં કયાંય પણ કોઈપણ જગ્યાએ બંધારણનો ભંગ થયો નથી. કારણ કે જો કયાંય બંધારણનો ભંગ થયો હોય તો તે કાર્ય ગેર બંધારણીય ઠર્યુ હોત એટલે કે તે કામ થઈ શકયુ ન હોત. એટલે કે જે કાંઈ થયુ છે કે થઈ રહયુ છે તે બધુ જ બંધારણની જોગવાઈઓ મુજબ જ થઈ રહયુ છે.

આના ઉપરથી એટલુ સ્પષ્ટ થાય છે કે સરકાર પ્રજા ઉપર ગમે એટલા અંકુશો મુકે, તેની સ્વતંત્રતા ઉપર કામ મુકે તો પણ બંધારણ તેને મંજૂરી આપે છે, તેમ કરવામાં બંધારણનો ભંગ થતો નથી. બંધારણ આવા અન્યાયો સામે પ્રજાનું રક્ષણ કરી શકતુ નથી. સરકાર ગમે એટલુ શોષણ સમસ્ત પ્રજાનુ કરે, ગરીબોને ચૂસે, ગરીબોને નામે ગેરવહીવટ ચલાવે, ગમે એટલા કરવેરા નાખે કરોડો રૂપિયા કરોડપતિઓને તથા અધિકારીઓને વહેંચી દે અને વેડફી નાખે તો પણ આ તમામ કાર્યવાહી બંધારણ માન્ય છે, એટલે કે

બંધારણની કોઈપણ જોગવાઈઓનો ભંગ થતો નથી આવા ખોટા કે દુષ્ટકાર્યો અટકાવવાની બંધારણની ક્ષમતા નથી.

તો પછી આ બંધારણ શા કામનું છે? એને પવિત્ર ગણવામાં આવે છે તો આ પવિત્રતા શું છે? આ બંધારણમાં શું લખેલ છે?

તે કોના માટે છે ? સમસ્ત પ્રજા માટે છે કે સરકારી અધિકારીઓ માટે છે ? સરકારની અનુકુળતા માટે છે કે પ્રજાની સ્વતંત્રતા માટે છે? તે ખરેખર પ્રજાસત્તાક છે કે સરકાર સત્તાક છે ? દમન અને અન્યાય સામે ઢાલરૂપે છે કે દમન અને અન્યાયની તલવાર રૂપે છે?

હે પ્યારા ભારતવાસીઓ, વિચાર કરો, વિચાર કરો. આપણે છેતરાયા છીએ આપણે ઠગાયા છીએ. આપણને પૂછયા વિના, આપણો વિચાર કર્યા વિના કેટલાક માણસોએ ભેગા થઈને તેમના તરંગી વિચારો મુજબ તેમણે બંધારણ ઘડી કાઢયુ અને આખા ભારતી પ્રજા ઉપર ઠોકી બેસાડયુ, જેમાંની ભયાનક જોગવાઈઓ મુજબ પ્રજા ઉપર અંકુશો વધતા જ ગયા, શોષણ અને દમન વધતુ જ ગયુ અને શોષણ, અન્યાય, અત્યાચાર અને દમન કરવાની નોકરશાહીની સત્તા વધતી જ ગઈ. તો ચેતો, જલ્દી ચેતો. સાવધાન થાઓ. આપણું બંધારણ આપણી સમસ્ત પ્રજાની સ્વતંત્રતા સાચવી રાખવા તથા મજબૂત કરવા માટે ખસૂસ નથી. પરંતુ સરકારી નોકરશાહીની ઈચ્છા મુજબ પ્રજા ઉપર અંકુશ મૂકવા તથા તેમનું શોષણ કરવા માટે જ છે તે આપણે છેલ્લા ૪૨ વરસમાં પ્રત્યક્ષ અનુભવેલી નકકર વાસ્તવીકતા છે. આ બાબતમાં પૂજય મહાત્મા ગાંધીજીએ બંધારણસભા વિષે ઉચ્ચારેલા શબ્દો યાદ કરવા જેવા છે તેમણે કીધુ હતુ ''આ બંધારણસભામાં હિંદુસ્તાનના ગામડાનું હિત કેમ જાળવી શકાય એ સમજનારા અને તે મુજબ ધંધારણ ઘડી શકે એવા કેટલા છે તેની મને ખબર નથી, પરંતુ તેમાંના ઘણાને હું અંગત રીતે ઓળખુ છું જે ભારતને એક કેન્દ્રિત સત્તા બનાવવા માગે છે. મારી ભગવાનને એટલી જ પ્રાર્થના છે કે આ બધા મોટા મોટા માણસોના ડહાપણને ખોટુ પાડવાની શકિત ભગવાન ભારતની પ્રજાને આપે.''

આ શબ્દોથી સ્પષ્ટ દેખાય છે કે ગાંધીજીને બંધારણસભામાં જરાપણ વિશ્વાસ ન હતો અને એમને સ્પષ્ટપણે બીક હતી કે જે બંધારણ ઘડાઈ રહયુ છે તે સામાન્ય પ્રજાનું વિરોધી જ હશે. દુર્ભાગ્યેગાંધીજીની આ બીક સાચી પડેલી આપણે જોઈ લીધી છે. આજનું બંધારણ સરકારને મોટે સમસ્ત પ્રજાનું શોષણ અને દમન કરવામાં ઢાલરૂપે કામ કરે છ એમ ચોખ્ખુ દેખાય છે.

તેથી વિચારો, વિચારો નવેસરથી વિચારો. ઘરમૂળથી નવુ વિચારો. અત્યારથી સમસ્ત વ્યવસ્થા સમસ્ત પ્રજાને ભરખી જનારી વ્યવસ્થા છે. તેથી ચેતો, ચેતો જલ્દી ચેતો.

**વેલજીભાઈ દેસાઈ**